# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૮ તા.૧-૭-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- ચોમાસાની ઋતુ દરમ્યાન શાળાના બાળકોની સલામતી ધ્યાને લેવા બાબત.

આથી તમામ મ્યુનિ.શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે હાલમાં ચોમાસાની ઋતુ દરમ્યાન શાળાનાં બાળકોની સલામતી તેમજ આરોગ્યને ધ્યાનમાં લઈ નીચે મુજબની સૂચનાઓનો અમલ કરશો.

- કમ્પાઉન્ડમાં તેમજ મકાનના ધાબા ઉપર પડી રહેલ બિનઉપયોગી ભંગાર, સ્ક્રેપ અન્ય ચીજ-વસ્તુઓનો તાકીદે યોગ્ય નિકાલ કરવો તથા તેમાં વરસાદી પાણી જમા ન થાય તે માટે તકેદારી રાખશો.
- શાળાના મેદાનમાં નાના-મોટા ખાડા પડેલ હોય તો તેને કોર્ડન કરી બાળકો તે તરફ ન જાય તે માટે સૂચના આપવી.
- શાળા સંકુલમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરી પાણીને જમા ન થવા દેવું જેથી શાળામાં મચ્છરનો ઉપદ્રવ ન થાય. જેથી બાળકોને મચ્છરજન્ય રોગ ન થાય.
- શાળામાં સંકુલમાં આવેલ અંડરગ્રાઉન્ડ/ઓવરહેડ ટાંકી/ગટરના ઢાંકણા એરટાઈટ રાખવા.
- શાળાના મકાનમાં શોર્ટ સર્કીટ/વીજ કરંટ ન લાગે તે માટે તકેદારી રાખવાની રહેશે. ખુલ્લા લટકતા વાયર તાકિદે રિપેર કરાવી લેવા.
- પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન લીકેજ હોય તો તાકીદે રીપેર કરાવી દેવી.
- શાળાના સેનીટેશન બ્લોકની નિયમીત રીતે સફાઈ કરાવવાની રહેશે.
- શાળામાં શાળાના વર્ગખંડ, રમતનું મેદાન, વિગેરેની સ્વચ્છતા રાખવી તેમજ દરેક જગ્યાએ ડસ્ટબીન આપવામાં આવેલ છે તેનો ઉપયોગ કરવો.
- શાળાના મ્યુનિ.વોર્ડના મસ્ટર સ્ટેશનમાં જરૂરી દવાના છંટકાવ અંગે જાણ કરી દવાનો છંટકાવ કરાવવો.
- શાળામાં ભયજનક રિપેરીંગ કામ હોય તો ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને જાણ કરી તાકિદે અત્રેની મુખ્ય કચેરીમાં જાણ કરવાની રહેશે. તથા મ્યુનિસિપલ કોર્પોરેશનના જે તે ઈજનેર વિભાગને જાણ કરશો.
- શાળામાં આવેલ ઘટાદાર તથા ભયજનક વૃક્ષો હોય તો મ્યુનિ. કોર્પોરેશનના બગીચા ખાતા દ્વારા ટ્રીમીંગ કરાવવા તાકીદે જાણ કરવાની રહેશે.
- ભયજનક બિલ્ડીંગ કે ઓરડામાં બાળકો બેસતા હોય તો સાવચેતી રૂપે અન્ય જગ્યાએ તાકીદે ખસેડી જેતે ઝોનના આસિ.એ.ઓ., સુપરવાઈઝર તથા એડી.ઈજનેરને જાણ કરશો.

તા.૧-૭-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી